ગાંધીનગર સમાચાર

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા

ગાંધીનગર જિલ્લાની 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ' સ્પર્ધાના માર્ગદર્શન માટે ઓનલાઈન શિક્ષક તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૪

ભારત સરકાર નાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તક નાં નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એંન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે "રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાનું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવે છે. આ સ્પર્ધનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાનપણથીજ વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચી કેળવાય અને તેમાનામાં વૈજ્ઞાનિક સંશોધન વૃત્તિ વિકસે તેવા નવીનત્તમ વિચારોનો ઉદ્દભવ થાય તે છે. ગુજરાત માં આ સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

ગાંધીનગર જીલ્લામાં આ સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાના માર્ગદર્શન માટે ઓનલાઈન તાલીમ કાર્યક્રમ તા ૦૩/૧૨/૨૦૨૦ ના રોજ યોજાયો. આ તાલીમ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટીઅને ગાંધીનગર જીલ્લા રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ ના કો-ઓડીનેટર ડૉ.અનિલભાઈ પટેલ દ્વારા શિક્ષકો અને વિદ્યાર્થીઓને આ વર્ષના મુખ્ય વિષય નિરંતર ટકાઉ જીવનનિર્વાહ માટે વિજ્ઞાન તેમજ તેના પાંચ પેટા વિષયો ને આધીન વિદ્યાર્થીઓ કેવા પ્રકારના પ્રોજેક્ટ રજૂ કરી શકે તેની સંપૂર્ણ માહિતી આપી હતી. ઉપરાંત આ પ્રોજેક્ટ સંસોધનના હેતુઓ, કાર્યપદ્ધતિ તારણો વિષે પણ ઊંડાણ પૂર્વક માહિતી પુરી પાડી હતી. ડૉ અનીલભાઈ એ પી.પી.ટી પ્રેઝન્ટેશન દ્વારા રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધામાં કઈરીતે ભાગલઈ શકાય,કોણ ભાગ લઈ શકે, કેવા પ્રકારના સંસોધન પત્ર રજુ કરી શકાય, તેની માહિતી આપી હતી. તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશનો ના સરળ ભાષામાં જવાબ આપવામાં આવ્યા હતા. આ તાલીમ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ તાલીમ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા,શિવાંગ પટેલ અને કોમ્યુનીકેટર ધવલ પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુત્ર જયંતભાઈ મેઘાણીનું ૮૩ વર્ષની વયે ૦૪ ડીસેમ્બર ૨૦૨૦ ને શુક્રવારના રોજ સવારે ૧૦ વાગે ભાવનગર નિવાસસ્થાને દુઃખદ અવસાન થયું હતું. કોમ્પ્યુટર પર લેખન-વાચન કરતા-કરતા અંતિમ શ્વાસ લીધા. જયંતભાઈની અંતિમ ઈચ્છા મુજબ દેહદાન-ચક્ષુદાન કરાશે.મેઘાણી-ટાગોર-સાહિત્યના અભ્યાસુ, લેખક, સંપાદક, અનુવાદક, પ્રકાશક, પુસ્તક-પ્રસારક અને 'પ્રસાર'ના સ્થાપક. પરમાત્મા જયંતભાઈ મેઘાણીના પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

રાજ્યમાં કોરોના સમય દરમ્યાન ૧૭ હજાર કરોડના વિવિધ લોકાર્પણ-ખાતમૂર્હતના વિકાસ કામો થયા : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગૌરવ સહ જણાવ્યું કે, ગુજરાતે કોરોના સંક્રમણના કપરા કાળમાં પણ વિકાસયાત્રાની અવિરત ફૂચ જારી રાખતાં આ કોરોનાના સમય દરમયાન રાજયમાં ૧૭ હજાર કરોડ રૂપિયાના લોકાર્પણ-ભૂમિપૂજનના વિકાસ કામો-પ્રજાહિત કામો લોકોના ચરણે ધર્યા છે.

તેમણે એમ પણ ઉમેર્યું કે, એકલા અમદાવાદ મહાનગરમાં જ કોરોનાના સમયમાં રૂ. ૨૮૫૭ કરોડના વિકાસ કામોની ભેટ આપી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ આંકડાઓ જ દર્શાવે છે કે વિકાસ કામોની તેજ રફતાર છે અને તે સ્વયં પૂરવાર કરે છે કે ગુજરાત આપત્તિ સામે ન ઝૂકયું છે ન રોકાયું છે. મુખ્યમંત્રીએ અમદાવાદ મહાનગરના રૂ. ૧૦૭૮ કરોડના ૭૨ વિકાસ કામોના લોકાર્પણ-ભૂમિપૂજન ગાંધીનગરથી વિડીયો કોન્ફરનસ દ્વારા સંપન્ન કર્યા હતા.

તદઅનુસાર રૂ. ૯૨ કરોડના ઈ-લોકાર્પણ અને રૂ. ૯૮૬ કરોડના ઈ-ખાતમૂર્હત અન્વયે હાઉસીંગ પ્રોજેકટ, વોટર પ્રોજેકટ, અર્બન હેલ્થ સેન્ટર-હોલ નવિનીકરણ, ગાર્ડન, પ્રધાનમંત્રી આવાસ, બ્રિજ પ્રોજેકટ વગેરેનો સમાવેશ થાય છે. આ અવસરે મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા તેમજ અમદાવાદના મેયર શ્રીમતી બિજલ પટેલ અને સ્ટેન્ડીંગ કમિટી અધ્યક્ષ અમૂલભાઈ, કમિશનર મુકેશકુમાર ગાંધીનગરમાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ ૬૦૦ વર્ષ જૂનું અને વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ સમયની સાથે ચાલીને આધુનિક મહાનગર, વિશ્વકક્ષાના શહેર તરીકે પ્રસ્થાપિત થયું છે તે માટે શહેરી સત્તાતંત્રને અભિનંદન આપ્યા હતા.

તેમણે સ્પષ્ટ કહ્યું કે, છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં અમદાવાદની આધુનિક કાયાપલટ થઈ છે. વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રસ્તા, ગટર, લાઈટ, પાણી જેવી પાયાની માળખાગત સુવિધા સાથે રિવરફ્રન્ટ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, રિયુઝ ઓફ ટ્રીટેડ વોટર, ઘન કચરા વર્ગીકરણ અને યોગ્ય નિકાલ વ્યવસ્થા, પર્યાવરણ જાળવણી સહિતના ક્ષેત્રોમાં અમદાવાદ મહાપાલિકાએ સુઆયોજિત વ્યવસ્થાપન કર્યુ છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, પર્યાવરણ, પાણી, પ્રકાશ, બધી ચિંતા કરીને જનસુખાકારી વધારી છે. રાજ્યના નગરો-મહાનગરોમાં ઈઝ ઓફ લીવીંગ વ્યાપકપણે સુધારીને શહેરો રહેવાલાયક, માણવાલાયક બનાવ્યા છે. નિવૃત્ત જીવન વિતાવતા અન્ય પ્રાંતના વરિષ્ઠ લોકો પણ એટલે જ અમદાવાદમાં કાયમી વસ્યા છે એમ તેમણે જણાવ્યું હતું.

સ્મિત મ્યુઝિક દ્વારા સંગીત શૉ 'ગેઈટ આઉટ કોરોના-૨૦૨૦ : વેકલમ ગ્રેસફુલ ૨૦૨૧ યોજાશે

ગાંધીનગર, તા. ૪

સ્મિત મ્યુઝિક દ્વારા તા. ૫ અને ૬ઠ્ઠીએ સંગીત શો યોજાશે. આ શોની વિશેષતા એ રહેશે કે દર્શકોને પણ ગાવાની તક આપવામાં આવશે. તે માટે તેમણે લાઈવ નિહાળતા 'મને તક આપો' એવી કોમેન્ટ કરવાની રહેશે. મર્યાદાઓ લઈને દરેક શૉના અંતમાં ડ્રો દ્વારા નક્કી કરવામાં આવશે. અને તેઓને સ્મિત મ્યુઝિક દ્વારા તક આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના સિંગર કલાકારો પરફોર્મ કરશે. અંતે ૨૭મી ડિસેમ્બરે મહેશ-નરેશની પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રહેશે.

એસ. વી. શાળામાં 'BRUNCH TOGETHER' કાર્યક્રમ ઉજવાયો

ગાંધીનગર, તા. ૪

સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં ઓનલાઈન 'BRUNCH TOGETHER` કાર્યક્રમ યોજાઈ ગયો, જેની થીમ હતી વિવિધ પ્રકારની સેન્ડવીચ. આ કાર્યક્રમમાં જુનિયર કે.જી. તથા સિનિયર કે.જી. ના બાળકોએ પોતાની મમ્મીની મદદથી બ્રેડ બટર, બ્રેડ જામ, ચીઝ જામ, આલુ મટર, વેજ, મેયોનીઝ, ચાઈનીઝ, પનીર સેન્ડવીચ વગેરે વિવિધ પ્રકારની સેન્ડવીચ બનાવી હતી. શિક્ષિકાઓએ બાળકોને BRUNCHનો મતલબ સમજાવી, સેન્ડવીચમાં વપરાતા વિવિધ વ્યંજનો વિષે માહિતી આપી, તેના ફાયદાઓ સમજાવ્યા હતા. બાળકોએ પણ પોતે પોતાની મમ્મીને સેન્ડવીચ બનાવવામાં કેવી રીતે મદદ કરી હતી, તેનું વર્ણન કર્યું હતું. આ કાર્યક્રમમાં બાળકો સાથે તેમની મમ્મીઓએ પણ મજા માણી, આનંદ કરી, શાળાના આ નવતર પ્રયોગને બિરદાવ્યો હતો.

જન્મદિને વધામણી

મેહુલ બી શાહ
મો. ૯૮૨૫૫ ૩૧૬૬૯

અર્ચનાબા વિવેકસિંહ ચૌહાણ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

માસ્ક પહેરો... કોરોનાથી બચો...

તાજેતરમાં બહાર પડેલ એ.એફ.સી.એ.ટીની પરીક્ષા વિષે માહિતી આપશો...

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ
હાર્દિક કે પરીખ

નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

૧. હું સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગુ છું.પણ મારો પ્રશ્ન એ છે કે ત્રણ દળ એટ્લે કે ભૂમી, હવાઈ કે નૌકા દળ માંથી કયા ક્ષેત્રે આગળ વધવું હિતાવહ રહેશે?

- રાજેશ સોની, ગાંધીનગર

સૌપ્રથમ તો આપને અભિનંદન કે આપ ડિફેન્સ એટ્લે કે સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગો છો.હવે તમારા પ્રશ્ન ની ચર્ચા કરીએ એ પહેલા આપને જણાવી દઈએ કે આપે આ ત્રણેય દળ જેને આપણે આર્મી , નેવી અને એઈરફોર્સ તરીકે ઓળખીએ છીએ એમાં શી કામગીરી કરવાની હોય છે.સૌપ્રથમ આર્મી એટ્લે કે ભૂમી દળ ની વાત કરીએ તો આ ક્ષેત્રમાં મુખ્યત્વે આપનું કારી જમીનિરૂપે જ થવાનુ છે. એના માટે આપ બી.એસ.એફ, સી.આર.પી.એફ અને મિલેટરી જેવા વિભાગો નું

ચયન જે તે પરીક્ષા ઉત્તીર્ણ કરી ને કરી શકો છો.જેમાં આપણે દેશ ના કોઈ પણ ક્ષેત્ર માં બોર્ડર ઉપર અથવા અંતળિયાળ ક્ષેત્ર માં પણ કામ આપી શકે છે.હવાઈ દળ ની વાત કરીએ તો આ ક્ષેત્ર માં પણ આપે પાઈલટ સિવાય ના દરેક વિભાગ માં હવાઈ ક્ષેત્ર સાથે જોડયેલ સરકારી કાર્યાલય માં સેવા આપવાની રહે છે.જો આપ પાઈલટ બનો છો તો આપને યુદ્ધ ના ક્ષેત્ર માં જઈ ને દેશ ની રક્ષા કરવાનો લાભ મળી શકે છે.એ સિવાય નૌકા દળ માં મોટા ભાગે આપની સેવા સમુદ્ર ની વચ્ચે કોઈ જહાજ ઉપર અથવા કોઈ બંદર ઉપર આપવાની રહે છે.જેમાં આપે અમુક માહિનાઓ માટે સમુદ્ર ની વચ્ચે પણ રહેવું પડી શકે.હવે આપના પ્રશ્ન ઉપર આવીએ તો સૌપ્રથમ એ સમજી લો કે આપ સંરક્ષણ ના કોઈ પણ ક્ષેત્ર માં આગળ વધો દરેક ક્ષેત્ર માં આપે પરોક્ષ અથવા પ્રત્યક્ષ રીતે દેશ ની સેવા અને રક્ષા કરવાનું જ સૌભાગ્ય પ્રાપ્ત થવાનું છે.અને એ પણ જણાવી દઈએ કે આ દરેક ક્ષેત્ર માં આપે સખત મહેનત અને વિપરીત પરિસ્થિતી નો સામનો પણ કરવો પડી શકે છે તથા આપે અમુક મહિનાઓ માટે પરિવાર થી અલગ પણ જવું પડી શકે છે.આ દરેક વાત નો અંદાજ રાખી અને જો આપ સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગો છો તો આપ ને આ જણાવેલ ત્રણેય ક્ષેત્ર માંથી કોઈ પણ એક ક્ષેત્ર માં આપણે રુચિ હોય એ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૨. હું ટી.વાય. બી.કોમમાં અભ્યાસ કરું છુ. યુ,પી.એસ.સી. ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને કેવી રીતે પાસ કરી શકાય?

- કનક રાજપુરોહિત, અમદાવાદ

આપ યુ.પી.એસ.સી એટલે કે આઈ.એ.એસ, આઈ.પી.એસ વિગેરે બનવા માટેની પરીક્ષાની વાત કરો છો એમ અમે સમજીએ છે. સૌ પ્રથમ તો અમે જણાવી માંગીશું કે યુ,પી.એસ.સી અથવા કોઈ પણ પરીક્ષાને પ્રથમ પ્રયત્ને પાસ કરવા માટે તમને બે પગલા સમજવા અને અમલ માં મૂકવા ખૂબ જરૂરી છે. પ્રથમ પગલું છે સચોટ પ્લાનીંગ. કોઈ પણ પરીક્ષા પાસ કરવા માટે તમારે પેહ્લા આપનુ પ્લાનીંગ ફક્ત બનાવવાનુજ નથી પણ એ પ્રમાણે આપે એને અનુસરવાનું પણ રહેશે. કોઈ પણ પરીક્ષાની તૈયારી કરતા પૂર્વે આપે તે પરીક્ષાની સંપૂર્ણ માહિતી મેળવવાની પણ રહેશે. જેમકે અભ્યાસક્રમ અને તેના વિષયો વિશેનો અભ્યાસ આપે કરવાનો રહેશે. તેના માટે આપ ઇન્ટરનેટનો ઉપયોગ કરી શકો છો.ત્યાર બાદ બીજું પગલું છે તનતોડ મેહનત.કોઈ પણ પરીક્ષામાં મેહનત વગર સફળ

થવું એ શક્ય નથી. આમ, પરીક્ષાને પ્રથમ પ્રયત્ને પાસ કરવા, સચોટ પ્લાનિંગ અને તનતોડ મેહનત જરૂરી છે. સમયનો સદુપયોગ કરશો તો સફળતા જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો.ઓલ ધ બેસ્ટ!

૩. હું બી.એસ.સી માં અભ્યાસ કરું છું . હાલ જેની નોટિફિકેશન બહાર પડી છે એ એ.એફ.સી.એ.ટી ની પરીક્ષા વિષે માહિતી આપશો.

જયપાલસિંહ , ગાંધીનગર

જી જરૂર, તાજેતરમાં જ એરફોર્સ તરફથી નોટિફિકેશન બહાર પડી છે.જેની છેલ્લી તારીખ છે ૩૧ ડિસેમ્બર. એર ફોર્સ કોમન એડમિશન ટેસ્ટ એએફસીએટી તરીકે ઓળખાય છે, જે ભારતીય હવાઈ દળ દ્વારા હાથ ધરવામાં આવે છે, જે વિશ્વનું ચોથું સૌથી મોટું હવાઈ દળ છે. ફ્લાઈંગ અને ગ્રાઉન્ડ ફરજો (ટેક્નિકલ અને નોન-ટેક્નિકલ) માં વર્ગ -૧ ગેઝેટ્ડ અધિકારીઓને પસંદ કરવા માટે ફેબ્રુઆરી અને ઑગસ્ટ મહિનામાં પરીક્ષા લેવામાં આવે છે. એએફસીએટી, બંને પુરુષ અને સ્ત્રી, ફ્લાઈંગ બ્રાન્ચમાં ટૂંકા સેવા કમિશન અને કાયમી કમિશન / ટૂંકા સેવા કમિશન બંને તકનીકી અને બિન-તકનીકી ભૂમિકાઓ માટે ગ્રાઉન્ડ ડ્યુટીમાં અધિકારીઓ તરીકે, પુરુષ અને સ્ત્રી બંને માટે યોગ્યતા ધરાવે છે.અન્ય માહિતી ની વાત કરીએ તો આ

પોસ્ટ માટે વિવાહિત અને જેની ઉમર ૨૫ કરતાં વધુ હોય એ આયોગ્ય ઠરે છે.શૈક્ષણિક લાયકાત ની વાત કરીએ તો આપે ઓછા માં ઓછા ૬૦ ટકા અને ફિઝિક્સ અને ગણિત જેવા વિષયો સાથે ૧૨ પાસ કરેલ હોવું જોઈએ.તથા આપ ૬૦ ટકા સાથે સ્નાતક ની પદવી મેળવેલ હોવી જરૂરી છે.ટેકનિકલ પોસ્ટ માટે આપે એન્જીનિયરીંગ માં સ્નાતક કરેલું હોવું જરૂરી છે.તો આપ આ બધી બાબતો પર અત્યાર થી જ વિચાર કરી આ પરીક્ષા માટે ની તૈયારી માટે નું પ્લાનિંગ કરી શકો છો.અને શુભકામનાઓ એક જવલંત કારકીર્દી માટે.

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

સંવિધાન દિવસના ઉપલક્ષમાં આયોજિત સપ્તાહ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓના આયોજન કરાયું

ચિલોડા, તા. ૪

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા સંવિધાન દિવસના ઉપલક્ષમાં આયોજિત સપ્તાહ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓના આયોજન કરવામાં આવ્યું જેમાં નિબંધ લેખન, સૂત્ર લેખન અને ચિત્ર લેખન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકોએ મોટી સંખ્યામાં ઓનલાઈન માધ્યમથી ભાગ લીધો હતો સંવિધાન દિવસની ઉજવણી સૌથી પેહલા વેબીનાર દ્વારા કરવામાં આવી હતી જેમાં ગૂજરાત વિધાપીઠના માનદ નિયામકશ્રી ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી અને શિક્ષણ મહાવિધાલય ગૂજરાત વિધાપીઠના સહપ્રાધ્યાપક ડો, મહેશ નારાયણ દીક્ષિત અતિથિ તરીકે હાજર રહ્યા હતા વિવિધ સ્પર્ધાઓમાં જેવી કે નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન હસ્તી વેગડ બીજો સ્થાન સંયુક્ત રીતે દીપક યાદવ અને કૃણાલ મકવાણાએ પ્રાપ્ત કર્યો હતો જ્યારે ત્રીજો સ્થાન સંયુક્ત રીતે જીનલ વાણિયા અને કમલેશ રાવલે પ્રાપ્ત કર્યો હતો એવી રીતે જ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સ્થાન એલિસ ક્રિશ્ચિયન બીજો સ્થાન નિધિ પટેલ જ્યારે ત્રીજો સ્થાન સંયુક્ત રીતે દયાલી કુંવર અને કૃણાલ મકવાણાએ પ્રાપ્ત કર્યો હતો જ્યારે સૂત્ર લેખન સ્પર્ધામાં વિજેતા તરીકે બી.પી,ઈ.એસ. પ્રથમ વર્ષની વિધાર્થી બહેન શ્રી ન્યુઝી ત્રિવેદીએ પ્રાપ્ત કર્યું હતું સૌથી વિશેષ અને નોંધનીય વાત એ છે કે દરેક સ્પર્ધાઓમાં બી.પી,ઈ.એસ. પ્રથમ વર્ષના વિધાર્થીઓએ સૌથી મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને દરેક સ્પર્ધામાં વિજેતાઓ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું

વિવિધ સ્પર્ધાઓના નિર્ણાયક તરીકેની જવાબદારી ડો. નિમેશભાઈ ચૌધરી, ડો. અરવિંદભાઈ રામી અને ડો. વિજયભાઈ મકવાણાએ નિભાવી હતી સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન પાછડ ડીન પ્રો. પ્રભુલાલ કાસુંદ્રા અને પ્રો. જગદીશચંદ્ર સાવલિયાનો માર્ગદર્શન અને પ્રોત્સાહન રહ્યો હતો કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું.